# વિનિયોગ સમાચાર

માગસર વદ ૦)) વિ.સં.૨૦૭૦-તા.૦૧-૦૧-૨૦૧૪ - વર્ષ ૧૨ : અંકઃ ૧ - વાર્ષિક લવાજમ રૂ.૧૦૧/-, છૂટક નકલ રૂ.૪.૫૦/-


## સ્ત્રીઓની સુખાકારી માટે ચલાવાતી ચળવળો વિશે એક જિજ્ઞાસુના મૂળભૂત પ્રશ્નો

શ્રીમતી (લાભુબહેન!) સંપાદિકા શ્રી!
જન્મભૂમિ પ્રવાસી, મુ. મુંબઈ.

તમારા સંપાદન નીચે ચાલતો જન્મભૂમિ-પ્રવાસીમાંનો 'સંસાર ચક્ર' વિભાગ ગંભીર બનતો જાય છે, અને તેનો પ્રવાહ વેગ પકડતો જાય છે.

પરંતુ મને એ સમજ પડતી નથી કે આ સંસારચક્ર વિભાગના સંપાદનોમાં આપનો મુખ્યમાં મુખ્ય ઉદ્દેશ શો છે?

(૧) સ્ત્રીઓને અને પુરુષોને મુશ્કેલીઓમાંથી માર્ગદર્શન કરાવી દુઃખમુક્ત કરવાનો જ છે?

(૨) કે પ્રાપ્ત સ્થિતિમાં અધિક સુખી બનાવી અધિક સુખની પ્રાપ્તિને માર્ગે લઈ જવાનો છે?

(૩) કે નવસમાજરચનાના પ્રચારને વેગ આપી સ્ત્રીઓને અને પુરુષોને તેનો લાભ લેતાં બનાવવાનો છે?

(૪) કે જુનવાણી સમાજરચનાના અનિષ્ટમાંથી સ્ત્રીઓને તથા પુરુષોને છોડાવી, જુનવાણી સમાજ રચનાના અનિષ્ટને જગતમાંથી દૂર કરવાના ભગીરથ કાર્યને વેગ આપવાનો જ છે?

(૫) અથવા ઉપર પ્રમાણેના ચારેય ઉદ્દેશો સિદ્ધ કરવાનો છે?

સુખ-દુઃખ તો સંસારમાં વણાયેલાં જ છે. દુઃખની સંભાવનામાં સુખ, અને સુખની સંભાવનામાં દુઃખ આવી પડતા જોવામાં આવે છે. તેથી જુનવાણી કે નવીન સમાજરચના કેવળ દુઃખ જ આપે કે કેવળ સુખ જ આપે, એમ ખાત્રીપૂર્વક કોઈ પણ ન જ કહી શકે.

પરંતુ નવીન સમાજરચના અને જુનવાણી સમાજરચના આ બે કોઈ જુદી જ વસ્તુ છે? બન્નેયમાં કાંઈ પણ ભેદ છે? બન્નેય આદર્શોમાં ભેદ છે? સિદ્ધાંતોમાં ભેદ છે? કે માત્ર દૃષ્ટિભેદ પૂરતો જ ભેદ છે? જૂનું કે નવું કાંઈ નથી, છતાં દૃષ્ટિ પૂરતો ભેદ ભાસે છે? તેનું કાંઈ રહસ્ય સમજાતું નથી. આ રહસ્ય સમજાવશો? માનવજાતની સામાજિક જરૂરિયાતો એક જ જાતની છતાં આ બે વચ્ચેનું ઘર્ષણ શા માટે? તે શાથી ઉત્પન્ન થયું? તેનાં મૂળ શાં શાં છે?

(અ) જુનવાણી સમાજરચના કોઈ સિદ્ધાંતો ઉપર આધારિત છે કે માત્ર રૂઢિરૂપે જ પ્રચલિત થયેલ છે?

(આ) નવીનસમાજરચના કયા સિદ્ધાંતો ઉપર રચાયેલી છે? તેના કોઈ પણ જાતના ખાસ મૂળભૂત સિદ્ધાંતો છે? કે તે પણ માત્ર વર્તમાન માનવોને સાનુકૂળ અને સુખ આપનાર છે, માટે આદરણીય છે? ને પ્રચલિત થતી જાય છે?

(અ) સમાજના અંગભૂત-સ્ત્રી અને પુરુષની સામાજિક, વ્યક્તિગત, કૌટુંબિક કે ભાવિસંતતિને લગતી સુખ ભોગવવાની ફરજ, આદર્શ, કર્તવ્ય કે જવાબદારી છે? માટે આ વ્યવસ્થા છે?

કે સમાજ ખાતર કાંઈ પણ ભોગ આપવાની ફરજ, આદર્શ, કર્તવ્ય અને જવાબદારી હોય છે? તે ખાતર વ્યવસ્થા છે? અને તે કેટલી હદ સુધી?

એટલે કે સામાજિક વ્યવસ્થા સ્ત્રી-પુરુષોના સુખ માટે જ રચાયેલી હોવી જોઈએ? કે સામાજિક સુવ્યવસ્થા માટે સામાજિક વ્યવસ્થાના અંગ તરીકે સ્ત્રીપુરુષોનું જોડાણ આવશ્યક હોવાથી એ વ્યવસ્થા કરવામાં આવી છે?

સ્ત્રી- પુરુષના કુદરત નિર્મિત સંબંધને અવકાશ આપવા લગ્નવ્યવસ્થા ગોઠવવામાં આવી છે? કે ગોઠવવી જરૂરી છે? કે સામાજિક સુવ્યવસ્થાના કોઈ આદર્શ કે ધ્યેયને અનુલક્ષીને લગ્નવ્યવસ્થાની ગોઠવણ આવશ્યક માનવામાં આવી છે? પશુઓ વગેરે પ્રાણીઓમાં પણ મુક્ત સ્ત્રી–પુરુષ સંસર્ગ છે, તે જ પ્રમાણે માનવમાં હોય તે આદર્શ વ્યવસ્થા? કે કોઈ પણ પ્રકારની પ્રચલિત લગ્નવ્યવસ્થામાં નિયમનોને ધોરણે સ્ત્રી-પુરુષ સંસર્ગ, તે વ્યવસ્થા આદર્શ વ્યવસ્થા ગણાય? અને જે વસ્તુ સ્વીકારવામાં આવે તેને આદર્શ તરીકે સ્વીકારવાના શા કારણો હોઈ શકે?

(૧) આપણા દેશના લોકોને માટે કઈ જાતની વ્યવસ્થા દરેક રીતે લાભ કરનારી છે?

(૨) એકંદરે આ સંસારચક્ર વિભાગના સંપાદન કાર્યનો તમારો તથા તે ચલાવવાનો બોજો ઉપાડવાનો પ્રવાસીનો મુખ્ય શો ઉદ્દેશ છે?

મેં કોઈક મર્મજ્ઞ વિદ્વાનો પાસે સાંભળ્યું છે કે,

(૧) ભારતના ઋષિમુનિઓએ માનવજાતના એકંદર સર્વપ્રકારના સુખ અને સંજોગોને ધ્યાનમાં લઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ ઉપર આખી માનવ જીવનની મૌલિક જીવનવ્યવસ્થા ગોઠવી છે.

મોક્ષને આદર્શ માનવામાં આવ્યો છે. આધ્યાત્મિક વિકાસરૂપ ધર્મ મોક્ષનું સાધન છે. કેવળ ધર્મનું આચરણ ન કરી શકે, તે અર્થ અને કામનો આશ્રય લઈને પણ ધર્મનું આચરણ જીવનમાં કરે. અને તેથી કરીને અર્થપુરુષાર્થમાં રાજ્યતંત્ર અને આજીવિકા માટેના ધંધાઓનો સમાવેશ કરવામાં આવ્યો, તથા સામાજિક

કૌટુંબિક અને વ્યક્તિગત જીવનનો કામપુરુષાર્થમાં સમાવેશ કરવામાં આવ્યો. રાજ્યતંત્રમાં ન્યાય, ધંધામાં નીતિ અને કામમાં સદાચારને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. અર્થાત્ ન્યાય, નીતિ અને સદાચાર મારફત ધર્મપુરુષાર્થને મદદ કરનારા હોવાથી જ અર્થ અને કામને પુરુષાર્થ તરીકેનું સન્માનસૂચક નામ આપવામાં આવ્યું. ધર્મનિરપેક્ષ અર્થ કે કામને પુરુષાર્થ તરીકે ગણવામાં આવ્યા નથી. અર્થાત ભારતના આર્યોની સમાજ રચના વગેરે તમામ રચના આ ચાર પુરુષાર્થને લક્ષ્યમાં રાખીને રચવામાં આવી છે, અને તેના વિગતવાર વિચારોને ભિન્નભિન્ન શાખા-પ્રશાખાથી સ્થાન આપતું ભારતીય તમામ શિષ્ટ સાહિત્ય એક યા બીજારૂપે આ ચાર પુરુષાર્થની વ્યવસ્થા– કાયદા- કાનૂનો- માર્ગદર્શન- વિધિ- નિષેધના સંગ્રહરૂપે જ છે, તથા પ્રજાના રોજિંદા જીવનમાં તેના નિયમો રૂઢ થઈ ગયા છે.

આથી કરીને સ્ત્રી અને પુરુષ અર્થ- કામ અને ધર્મપુરુષાર્થનો આશ્રય લઈને (જો વિરક્ત ન હોય તો) ગમે તેટલું સુખ ભોગવે, તેની સામે કોઈ પણ જાતનો વાંધો ઉઠાવવામાં આવતો નથી, પરંતુ તે સુખ ચાર પુરુષાર્થોને બાધક ન થાય તેવી રીતે જ ભોગવી શકાય. બાધક થાય તેવી રીતે સુખ ભોગવી શકાય જ નહીં, બાધકતા અટકાવવા ગમે તેટલું દુઃખ આવી પડે, તોપણ તેને દુઃખ ન માનતાં સુખ જ માનીને - કર્તવ્ય માનીને- આદર્શના રક્ષણની ફરજ બજાવવાનો ધર્મ માનીને, તે સહન કરવાની ફરજ બજાવવાની ફરજ બન્નેય ઉપર નાખવામાં આવી છે. આદર્શના રક્ષણ ખાતર- એકંદર મહાસુવ્યવસ્થા ખાતર દરેકે તે વેઠી લેવું જ જોઈએ.

ઉપરાંત ચારેય પુરુષાર્થને સુવ્યવસ્થિત રાખવાની અને ચલાવવાની મુખ્ય જવાબદારી કુદરતી રીતે જ મુખ્યપણે પુરુષો ઉપર આવી પડવાથી, તે ખાતર, અને તેટલા પૂરતા, તેને માટે કેટલાક વધારે છૂટછાટના વિશિષ્ટ નિયમો રાખવામાં આવ્યા છે, તેની સાથે તેના ઉપર જવાબદારીઓ પણ મોટામાં મોટી નાંખવામાં આવી છે. તથા સુવ્યવસ્થાના ભંગની સજાઓ પણ સ્ત્રીઓ કરતાં પુરુષોને વધુ કડક ભોગવવાની રાખવામાં આવી છે. સ્ત્રીઓને તો કેટલીક સજાઓમાંથી મુક્ત પણ રાખવામાં આવી છે. જવાબદાર અમલદારને જે છૂટછાટો હોય છે, તે કલાર્કો વગેરે હાથ નીચેના અમલદારોને હોતી નથી. સાથે મોટા અમલદારો ઉપર જવાબદારી પણ વધારે હોવાથી મુદ્દાની બાબતમાં તેને સજા પણ મોટી ભોગવવાની હોય છે. આમ હોવાથી ‘‘તેઓએ સ્ત્રીઓ કરતાં પુરુષો તરફ વધારે પક્ષપાત કર્યો છે.’’ આવી વાતો બાળક બુધ્ધિની છે. એકંદર સમગ્ર સુવ્યવસ્થાને ધ્યાનમાં લઈને સમતોલ વિચારણાથી તે જાતની જ વ્યવસ્થા સુયોગ્ય હોવાથી તે વ્યવસ્થા કરી છે.

આ મૂળ પાયા ઉપરની આખી વ્યવસ્થાની વિગતમાં પછી ગમે તેટલા નિયમો-ઉપનિયમો રચવામાં આવ્યા હોય, તેમાંના કોઈ કોઈ નિયમો–ઉપનિયમો વિશે વ્યવસ્થા વિચારકોના મતભેદો હોય તે સર્વનો વિચાર અહીં કરવાનો નથી.

આ જાતની ભારતીય વ્યવસ્થા તેને આજે જુનવાણી વ્યવસ્થા કહેવામાં આવે છે. તેની રક્ષા ખાતર ભોગ આપવો પડે, કષ્ટ સહન કરવું પડે, તેને સામાજિક જુલમ તરીકે વર્ણવવામાં આવે છે. સિતમની ભઠ્ઠી કાળચક્કી કહેવામાં આવે છે.

(आ) નવી સમાજરચના જેને કહેવામાં આવે છે તેના મૂળ ઉત્પાદકો આપણા દેશના લોકો કે વિદ્વાનો નથી. તેનો પ્રચાર કરનારા, તેને ટેકો આપનારા આપણા દેશના લોકો અને વિદ્વાનો જરૂર છે, પરંતુ મૂળ ઉત્પાદકો તેઓ નથી. મૂળ ઉત્પાદક વિદેશી વિદ્વાનો અને આધુનિક મહાવૈજ્ઞાનિકો છે એમ કહીએ તો ચાલે. ‘‘વિદેશી વિદ્વાનોએ સર્જેલી સામાજિક વ્યવસ્થા પણ કોઈ એમ ને એમ રૂઢિરૂપે પ્રચલિત કરવામાં આવેલ છે,’’ એમ કોઈ માનતું હોય તો તે પણ માન્યતા ભૂલભરેલી જણાય છે, કેમ કે નવીન સમાજરચનાને પણ પોતાના સિદ્ધાંતો અવશ્ય છે. તેના સિદ્ધાંતોનો પણ પાયો છે. આધાર છે. તેના પણ આદર્શો છે.

બે પ્રકારની રચનામાં માનવજાતને માટે કઈ રચના એકંદર હિતકારક હોઈ શકે ? આ પ્રશ્નનો જવાબ પણ ઘણો જ કઠણ છે, કેમ કે આદર્શભેદે બન્નેય પ્રશ્નોના જવાબો જુદા જુદા જ આવવાના.

આમ છતાં આજે જુનવાણી વિચારની એટલે કે ભારતીય આદર્શો મુજબની સમાજરચનાની સમજપૂર્વક કે સમજ વિના માત્ર રૂઢિથી પક્ષ કરનારા, અને નવીન સમાજરચનાના એટલે કે આધુનિક વિદેશીય આદર્શો કે આધુનિક વૈજ્ઞાનિક આદર્શો મુજબની સમાજરચનાની સમજપૂર્વક કે સમજ વિના પક્ષ કરનારા એમ બે વર્ગો ગોઠવાઈ ગયા છે. અને તે બન્નેયની વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે. એકબીજાની નિંદા કરે છે, એકબીજાની ભૂલો કાઢે છે, પોતપોતાની વ્યવસ્થાના વિશાળ પાયા ઉપર ગુણગાન કરે છે, પ્રચાર કરે છે. વ્યક્તિઓને સુખી કરવાની લાલચ બતાવીને પોતાના પક્ષમાં ખેંચી પ્રચાર કાર્યના બળથી પોતાની લાગવગ વિસ્તૃત બનાવવામાં આવે છે. જ્યારથી નવી સમાજરચનાએ પોતાનું વર્ચસ્વ સ્થાપવાની શરૂઆત

કરી છે, ત્યારથી ભારતીય સમાજવ્યવસ્થામાંથી સાચી-ખોટી અનેક ભૂલો દેખાડવા માંડી છે. એટલું જ નહીં, પરંતુ તેને બની શકે તેટલું મોટું સ્વરૂપ આપીને તેનો વિશાળ પાયા ઉપર પ્રચાર કરવામાં આવતો રહ્યો છે.

અને આંતરરાષ્ટ્રીય વિચારધારાઓ તો તેની તરફેણ કરે તે સ્વાભાવિક જ છે. અને એટલા ઉપરથી ''વર્તમાન સરકારો પણ તેની જ માત્ર તરફેણ કરતી રહી છે,'' એમ જ નહીં, પરંતુ તેને સક્રિય ટેકો આપતી રહી છે. કાયદાનું બળ આપીને વિકસાવવાના પ્રયત્નો સાથે જુનવાણી રચનાને દબાવવાના પ્રયાસો પણ થયા છે, અને થાય છે. એટલેથી પણ એ હરીફાઈ પૂરી થતી નથી, પરંતુ વ્યાવહારિક રીતે આર્થિક સગવડ, જાહેરમાં પ્રતિષ્ઠા, તથા બીજાં સાધનો આપવામાં આવે છે. તે હવે તો ખુલ્લી રીતે આપવામાં આવે છે એ સ્પષ્ટ જણાઈ રહેલ છે.

એટલે જુનવાણી સમાજરચનાના ટેકેદારો કે તેનું પાલન કરનારાનું સ્વરૂપ, સાધનસામગ્રી, આદર્શની પ્રતિષ્ઠા, વગેરે બેહૂદા - અળખામણાં બનતાં જાય છે, દેખાતાં જાય છે, બનતાં અને દેખાતાં જાય એ સ્વાભાવિક છે.

એક જોડું વૈદિક વિધિથી લગ્ન કરે, તે સુખી જ થાય અથવા દુ:ખી જ થાય એમ ખાત્રીપૂર્વક કોઈ જ કહી શકે નહીં. અને સિવિલ મૅરેજથી લગ્ન કરનાર જોડું પણ સુખી જ થાય કે દુ:ખી જ થાય એમ પણ ખાતરીપૂર્વક કોઈ જ કહી શકે નહીં.

પરંતુ આદર્શભેદના પક્ષકારો પોતાના પક્ષની રચનામાં એક યા બીજા લાભો બતાવે, ત્યારે સામા પક્ષની રચનામાં એક યા બીજા રૂપે ગેરલાભો બતાવે. આ બે હરીફ વેપારીઓની નીતિ થઈ. એટલા ઉપરથી બેમાંથી કોઈ પણ એક રચનાના ગુણદોષ સાબિત થઈ શકે નહીં.

અર્થાત્ વૈદિક વિધિના લગ્ન સારાં કે સિવિલ મૅરેજનાં લગ્ન સારાં? એ પ્રશ્નો ગૌણ છે. મુખ્ય પ્રશ્નો ''કઈ સમાજ રચના માનવજાતને માટે એકંદર હિતાવહ છે?'' તે છે.

આમ ભારતની પ્રજા આજે દ્વૈધભાવમાં કુટાઈ રહી છે. ''નવીન સમાજરચનાનો પ્રચાર વધી રહ્યો છે. તેથી તે ઘણી સારી છે, અથવા ભારતીય સમાજરચના ખોટી છે, માટે તે તૂટી રહી છે;'' એમ તો નથી.

પરંતુ વિશ્વની નવરચનાને ઉદ્દેશીને આંતરરાષ્ટ્રીય વિધાયકોએ જે આદર્શો નક્કી કર્યા છે, અને તેનું જે ભાવિ ચિત્ર દોર્યું છે, તેને અમલમાં લાવવા માટે માત્ર જુનવાણીના દોષ અને નવરચનાના ગુણો બતાવીને બહારથી મોઘમ પ્રચાર કાર્ય કરતા હતા. પરંતુ બહારથી ભલે મોઘમ અને સાદું પ્રચારકાર્ય હોય, લોકોને લાભ બતાવીને તે ખાતર કાયદા પસાર કરતા હોય, છતાં તેઓના લક્ષ્યમાં એક સમાજરચનાને સ્થાને બીજી સમાજ રચના જગતમાં સ્થિર કરવાનો હેતુ છે, એ મુખ્ય મુદ્દો છે. મુખ્ય હેતુ છે એટલું જ નહીં, પરંતુ પહેલેથી જ હતો. પહેલાં જાહેરમાં મોઘમ હતો. તે હવે જાહેરમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. અને તેને આખા જગતમાં વ્યાપક કરવા માટે યુ.એન.ઓ.ની યુનસ્કો સંસ્થાના એક અંગ તરીકે રાખીને તેને વિશ્વવ્યાપક બનાવવા માટેના મૌલિક, સક્રિય, પદ્ધતિસર અને ન સમજાય તેવી ખૂબીથી મક્કમ પ્રયાસો શરૂ થઈ ચૂક્યા છે, અને વર્તમાનપત્રો તો તેનો પ્રચાર ઘણા વખતથી ચલાવી રહ્યા છે.

તેના એક પ્રયાસ કરીકે સામાજિક સુધારાના મંડળો સરકાર તરફથી સ્થપાય છે. સામાજિક સપ્તાહ ઊજવવાની શરૂઆત થઈ છે. એ વગેરે આધુનિક પ્રચારક પદ્ધતિઓનો મોટા પાયા ઉપર આજે આશ્રય લઈ રહેવાયો છે. તેને આંતરરાષ્ટ્રીય બળોનો, સંસ્થાઓનો ટેકો છે.

''જુનવાણી સમાજરચના અને તેના પક્ષકારોની, અને નવીન સમાજરચના અને તેના પક્ષકારોની લડાઈ એટલે ભારતીય આદર્શો ઉપરની રચના અને આધુનિક આદર્શો ઉપરની રચના અને બન્નેયના પક્ષકારોની લડાઈ'' આ અંતિમ સાર નીકળે છે.

આમ, આજની સામાજિક ક્ષેત્રની હરીફાઈનું અંત:તત્ત્વ કેટલાક વિદ્વાનો તરફથી સમજાવવામાં આવે છે.

પરંતુ મારો આપ સંપાદિકાને એ પ્રશ્ન છે કે આ સમજાવટમાં કે સારમાં કાંઈ તથ્યાંશ છે? કે નહીં?

અને તથ્યાંશ હોય કે ન હોય, પરંતુ તમારો પોતાનો આ જાતના સંપાદન પાછળ તથા 'પ્રવાસી'નો આ વિભાગ ચલાવવા પાછળ શો શુભાશય અને ઉદ્દેશ છે?

તેના એકંદર લાભાલાભ વિશે આજે આપણે હાલમાં ઊંડા ઊતરી નહીં શકીએ.

મને લાગે છે કે આપને યોગ્ય જણાય તો આ પ્રશ્નો આ જ રીતે વાચકો સમક્ષ મૂકવાથી અને તેમના વિચારો જાણવાથી આ સામાજિક પ્રશ્નનો આદર્શ સ્થિર કરવાની બાબતમાં આપણે ઘણી નજીકની ભૂમિકા સુધી જઈ પહોંચીશું. ધ્યેયવિહિન દોટ કરતાં ધ્યેયલક્ષી પ્રયાસ જલદી અને સારી રીતે સફળ થાય છે. આશા છે કે આપ જનસમાજના લાભને ધ્યાનમાં લઈ આ વિશેની જિજ્ઞાસાને સંતોષવા ઘટતું કરશો.

સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

તા.ક. : આશયને કાયમ રાખી ભાષા અને વાક્યરચના સુધારવામાં કશી હરકત માનવાને કારણ નથી.

# વિનિયોગ સમાચાર

## પશુધનનો ઉપકાર

(૧) આ રાષ્ટ્રનું પશુધન ધરતીના રસકસ ચૂસ્યા વિના પોતાના છાણ અને મૂત્રના નિર્દોષ ખાતર દ્વારા મબલખ, પૌષ્ટિક અને છતાં પ્રજાનો ગરીબમાં ગરીબ માનવ ભરપેટ બે ટંક ખાઈ શકે એવું સસ્તું અનાજ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. જ્યાંસુધી આ દેશની ધરતી ઉપર મોંઘાદાટ રાસાયણિક ખાતર રૂપ વિષનો વરસાદ નહોતો ત્યાંસુધી દેશમાં નીચે મુજબ અનાજ વિગેરેના ભાવ હતા.

| | ૧૯૦૦ | ૧૯૨૦ | ૧૯૪૦ |
|---|---|---|---|
| બાજરી (મણ) | ૬ આના | રૂા.૧ | રૂા.૧.૫૦ |
| ઘંઉ (મણ) | ૮ આના | રૂા.૧.૫૦ | રૂા.૨.૦૦ |
| ઘી (મણ) | રૂા.૧૨ | રૂા.૧૫ | રૂા.૩૦.૦૦ |
| તેલ (મણ) | - | રૂા.૨.૫૦ | રૂા.૩.૫૦ |
| દૂધ (રતલ) | રૂા.૦.૨૫ | આના.૧ | આના. ૨ |

દેશમાં મોંઘાદાટ રાસાયણિક ખાતરનો વપરાશ ઈ.સ.૧૯૬૦ આસપાસ શરૂ થયો. ૧૯૬૦-૬૧ માં રાસાયણિક ખાતરનો વપરાશ હેક્ટર દીઠ બે કીલો હતો. ૧૯૮૭-૮૮ માં રાસાયણિક ખાતરનો વપરાશ હેક્ટર દીઠ ૫૧ કીલો થયો. તે ખાતરનો વપરાશ શરૂ થયા પછી અનાજ વિગેરેના ભાવમાં નીચે મુજબ વધારો થયો.

| | ૧૯૬૭ | ૧૯૮૭ |
|---|---|---|
| બાજરી (મણ) | રૂા.૨૪ | રૂા.૨૦૦ થી રૂા.૩૦૦ |
| ઘંઉ (મણ) | રૂા.૨૦ થી રૂા.૪૦ | રૂા.૮૦ થી ૧૦૦ |
| ઘી (મણ) | રૂા.૩૦૦ થી ૩૫૦ | રૂા.૨૬૦૦ થી ૪૦૦૦ |
| તેલ (મણ) | રૂા.૧૦૦ થી ૧૨૦ | રૂા.૧૦૦૦ થી ૧૫૦૦ |
| દૂધ (રતલ) | બાર આના | રૂા. ૨ થી ૪ |

રાસાયણિક ખાતરથી અનાજનું ઉત્પાદન વધે છે એવા દાંભિક પ્રચારનો પરપોટો હવે ફૂટી ગયો છે. વિશ્વના અનેક દેશો છાણના ખાતરના વપરાશ તરફ પાછા વળી રહ્યા છે.

(૨) આ રાષ્ટ્રનું પશુધન છાણનું મફત બળતણ પૂરું પાડી દેશની વન સમૃધ્ધિનું રક્ષણ કરવાની અદભુત ક્ષમતા ધરાવે છે. પ્રજા ઉપર પડતા અન્ય બળતણના જંગી ખર્ચથી પ્રજાને બચાવી શકે તેમ છે.

(૩) આ રાષ્ટ્રનું પશુધન વાહન વ્યવહાર અને માલ સામાન લાવવા લઈ જવા માટેનો બોજોઉઠાવી રાષ્ટ્રને પેટ્રોલ/ડીઝલના જંગી આયાતી ખર્ચમાંથી બચાવી શક્યાની ક્ષમતા ધરાવે છે.

સોરઠની પવનવેગી ઘોડીઓ, એક રાતમાં ગાઉના ગાઉ કાપતી સાંઢણીઓ, માલ લઈને રોજના ૫૦ ગાઉ ચાલતા બળદો ભારતીય પશુવિજ્ઞાને ઉછેર્યા હતા.

(૪) પશુધનમાં સમાતા ઘેટા બકરાંઓ રાષ્ટ્રના જંગલોનો વિસ્તાર કરે છે, અને તેને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા રાખે છે. કેટલાય કુટુંબોને તેના ઊન દ્વારા રોજી આપી છે.

(૫) આ રાષ્ટ્રનું પશુધન પોતાના તાજા દૂધ અને ઘી-છાસ દ્વારા પ્રજાની સ્વાસ્થ્યનું રક્ષણ કરવાની અને તેમ કરવા દ્વારા પ્રજાને દવાઓના જંગી ખર્ચમાંથી બચાવવાની ક્ષમતા ધરાવે છે.

(૬) આ રાષ્ટ્રનું પશુધન રાષ્ટ્રને વર્લ્ડ બેંક અને IMF જેવી આંતરરાષ્ટ્રી નાણાંકીય સંસ્થાઓની નાગચૂડમાંથી પ્રજાને છોડાવવાની ક્ષમતા ધરાવે છે,

એ પશુઓને આજે પીવા માટે પાણી નથી, ખાવા માટે ચારો નથી, ચરવા માટે ગોચરભૂમિઓ નથી. (નર્મદા જો ગુજરાતની જીવાદોરી છે, તો પશુઓ રાષ્ટ્રના સમૃધ્ધ અર્થતંત્રની જડ છે, જીવાદોરી છે, કેન્દ્ર છે.)

હા, આ દેશના પશુઓની ગરદન ઉપર છરાઓ ચલાવવા માટે યાંત્રિક કતલખાનાઓની હારમાળા છે.

આ કેમ બન્યું ?

પોર્ટુગલના પ્રતિનિધિ તરીકે ભારતમાં પ્રવેશેલી બ્રિટિશ સત્તાના અમલદારોએ ભારતના પશુધનનો નાશ કરવા માટે પશુવિરોધી જે નીતિઓ ઘડી હતી તેનો અમલ દેશ સ્વતંત્ર થયા પછી પણ ચાલુ રાખવામાં આવી. તેમણે પશુઉછેરના જે સિધ્ધાંતો નક્કી કર્યા હતા, તે દેશી અમલદારશાહીએ પણ સ્વીકારી લીધા; જે આંકડાઓ/ ડેટા/ માહિતી એકત્ર કરી હતી તે સાચી માની લઈ તેના આધાર ઉપર ભવિષ્યની યોજનાઓ ઘડવામાં આવી.

પશ્ચિમનું પશુવિજ્ઞાન પશુને કોમોડીટી ગણે છે. ભારતનું પશુવિજ્ઞાન પશુને કૌટુંબિક સભ્ય માને છે. પશ્ચિમનું પશુવિજ્ઞાન દૂધ અને માંસ માટે પશુ ઉછેરે છે. ભારતનું પશુવિજ્ઞાન પશુને પ્રથમ નંબરમાં છાણ... માટે ઉછેરે છે. પશ્ચિમનું પશુ વિજ્ઞાન ઉપયોગિતા/ બિનઉપયોગિતાના આધાર ઉપર રચાયેલું છે. અમારા પશુવિજ્ઞાનને ઉપયોગિતા/ બિનઉપયોગીતા સાથે કોઈ સંબંધ નથી. પશ્ચિમનું પશુવિજ્ઞાન કૃતઘ્નતાના પાઠ શીખવે છે. ભારતનો પશુઉછેર કૃતજ્ઞતાના પાઠ ભણાવે છે. પશ્ચિમનું પશુવિજ્ઞાન પ્રજાને હિંસક બનાવે છે, હિંસાના સંસ્કારો રોપે છે. ભારતનું પશુવિજ્ઞાન પ્રજાના દયાના/ કરુણાના સંસ્કારોને જન્મ આપે છે.

બ્રિટિશ સત્તાએ આ દેશના પશુધનનો નાશ કરવાની નીતિઓ શા માટે ઘડી ?

- અરવિંદભાઈ પારેખ

# વિનિયોગ સમાચાર

**વાચકોના પત્રમાંથી**

## અનાજ આટલું સસ્તું ?

અમદાવાદ, ૧૪-૮-૧૨
મા.સંપાદક
વિનિયોગ પરિવાર ટ્રસ્ટ

આપના તરફથી 'વિનિયોગ સમાચાર' નિયમિત મળે છે. લખાણ ખૂબ મનનીય આવતું હોઈ તલસ્પર્શી વાંચન કરવું ગમે છે. અજૈનો વાંચે અને કંઈક પામે એ માટે મેં બે લવાજમ ભરેલ છે. તા.૧-૦૮-૧૨નો છેલ્લો અંક ખૂબ ગમ્યો. ખાસ તો પૃષ્ઠ બે ઉપર બોલ્ડ અક્ષરે છપાયેલ ગામડાનો ખેડૂત અનાજ સંઘરવા કોઠી, છાણાં, વીટામીન રક્ષક તાવડી (અમે તેને માટીની કલાડી કહીએ છીએ અને હજુ ગેસના ચૂલા ઉપર બાજરીના રોટલા બનાવવા વાપરીએ છીએ.) કાંસાની થાળી વાટકીમાં જ જમીએ છીએ.

મારૂ બાળપણ અને કિશોરપણુ ચાર ભાઈ, ચાર બહેનના બહોળા પરિવારમાં ઉ.ગુજરાતના નાના બાલવા ગામમાં માણ્યું હોઈ હજુ નાતો જાળવ્યો છે. બળદ, એકો, ભેંસો ઘરના ઢાળીયામાં બંધાતાં - હવાડે પાણી પાવા જવાનું. બઘાઈઓ, કથીરીયો વીણી પાણીની વાટકીમાં ભેગી કરી દૂર મૂકી આવતા. બહેનો સુકા ઘાસના પરારમાં છાણ મીક્ષ કરી ભીંતે છાણાં થાપતી. જેમાં જીવાત પડતી પરંતુ જૈન હોઈ જયણાપૂર્વક વાપરતા. ફીણવાળુ તાજુ દૂધ અને છાશમાં ઝબોળેલુ માખણ આંતરે દિવસે વલોણુ થાય ત્યારે બા આપતાં. લાકડાની ઊભી ખાંડણીમાં ચટણી બનાવતા. વતનમાં મોટી હાથઘંટી હજુ સાચવી છે. કઠોળમાંથી દાળો નાની ઘંટીથી ઘેર બનાવતા. મારી ફેક્ટરીની જગ્યામાં જાતે શાકભાજી ઘરપૂરતી ઉછેરતો. ઇન્ટર કોમર્સની રજાઓમાં આણંદ એગ્રીકલ્ચર કૉલેજની ટ્રેનીંગથી દેશી ગુલાબની કલમો દ્વારા છોડ ઉછેરી મબલખ ગુલાબનાં ફૂલ અમદાવાદના ઘેર અને શ્રી શંખેશ્વર તીર્થમાં જવાનું થાય ત્યારે લઈ જતા. મેં ૧૯૫૦ થી ૧૯૫૯ શાળા અને કોમર્સ કૉલેજ અમદાવાદમાં કરી.

પૂ. પિતાશ્રીના હાથની વિક્રમ સંવત ૨૦૦૪ની સાલમાં ઘરખર્ચની લખેલી ડાયરીનાં પાનની ઝેરોક્ષ આ પત્રમાં જ છે. સોંઘવારી આપને જોવા મળશે. ફિલ્મના ગીતની જેમ 'થોડે મેં ગુજારા હોતા થા.' ગામનું તળાવ ફાટે (over flow) થાય ત્યારે મુખી વાજતે ગાજતે ગામ પ્રજા સાથે વધાવવા જતા જેથી ખમૈયા થાય! બકરીનો કાન કાપનાર જમાલ વોરાને ગામની બજાર (ચૌટા) વચ્ચે પીંપળની સોટીઓથી ફટકારેલો જોયો છે. જાતે જ ન્યાય! ૭૯ વર્ષની ઉંમરે પગ સારા હોઈ દોઢ બે કી.મી. ચાલવામાં વાંધો નથી. ૭ વર્ષથી વાહન ચલાવતો નથી. એલોપથી ના છૂટકે લઉં છું.

એજ લી.

આપનો શુભેચ્છક ચીનુ બી. શાહના જયજિનેન્દ્ર

ખાસઃ દિ. ભા. અમદાવાદમાં ગુરૂવારની ધર્મદર્શન પૂર્તિમાં જૈન તીર્થ સ્થળો વિષે ક્યારેક મારૂં લખાણ હોય છે. બે સંઘમાં ટ્રસ્ટી તરીકે સેવા આપું છું.



માત્ર ૬૫ વરસ પહેલાના વાચકમિત્રના પિતાશ્રી દ્વારા નોંધેલ ઉપર જણાવેલ ઘરખર્ચના આંકડા જોઈને સવાલ થાય કે શું આ વાસ્તવિકતા છે કે માત્ર કલ્પના ? પરંતુ તે સમયે સ્વહસ્તે લખાયેલ નોંધવહીના પાના ખોટા હોવાની શક્યતા નહીવત્ છે. વાસ્તવિકતા એ છે કે છેલ્લા ૬૫ વરસમાં આપણે માથે ઠોકી બેસાડેલ યંત્રઆધારિત શોષક અર્થવ્યવસ્થાનું પરિણામ આપણે સહુ ભોગવી રહ્યા છીએ. તે સમયની પશુઆધારિત પોષક અર્થવ્યવસ્થાને કારણે જે સહજ હતું તે આજે અશક્ય લાગે છે. - સંપાદક

# વિનિયોગ સમાચાર

## જૂના વર્તમાન પત્રના સંગ્રહમાંથી

### ગાયનું નિકંદન નીકળતું જોઈ રહેલો
## અદ્‌ભુત આંધળાઓનો દેશ

'વિશ્વમંગલ ગ્રંથમાળા', ચાર પુસ્તકોનો દળદાર સેટ અકસ્માતે મારા હાથે ચઢયો અને એક અઠવાડિયામાં લગભગ હજારથી વધુ પાનાં વાંચી ગયો. એ પરથી વાચકો કલ્પી શકે છે કે ચિંતનનો (ને ઘેરી ચિંતાનો પણ) વિષય હોવા છતાં આ ગ્રંથમાળા કેટલી રસપ્રદ હશે!

આમાં આપણા જીવનને સ્પર્શતો લગભગ દરેક વિષય તદ્દન સરળ શૈલીમાં રજૂ થયો છે અને તેની વિશેષતા એ છે કે આટઆટલું વૈવિધ્ય હોવા છતાં તેના કેંદ્રમાં રહેલી ગાય કોઈ નવલકથાના નાયક જેમ ઉજાગર થઈ સ્પષ્ટ રૂપે આપણા મનના ઊંડાણમાં ઊતરી જાય છે. દુર્ભાગ્યે ગાય જેને હિંદુ પ્રજાએ માતા તરીકે સ્વીકારી છે તેનું ચિત્ર કંપારી છૂટે તેવું છે.

આ ગ્રંથમાળાના લેખક વાસુભાઈ (વેણીશંકર મુરારજી વાસુ) વાચકને પગલે પગલે ચેતવે છે કે ગાયનું નિકંદન ભારતનો વિનાશ છે. આટલું જ નહિ, આપણી દરેક સમસ્યાના મૂળમાં ગાયની કતલ છે.

ગાયની કતલ - આ બે શબ્દો વાંચતાં એક સામાન્ય વાચકની આંખો સામે મુસલમાન તરી આવે તો એમાં નવાઈ નહિ. બ્રિટિશ રાજે આપણા મગજમાં જે કાંઈ ઠસાવ્યું છે તે આજે પણ આપણે ભૂલ્યા નથી, ન આપણી સરકારે એ ભૂલાડવા માટે કાંઈ પ્રયાસ કર્યો છે. 'ડિવાઇડ એન્ડ રૂલ'ના જે અખતરાઓ અંગ્રેજોએ સફળતાપૂર્વક અમલમાં મૂકયા હતા તે આજે પણ આપણા રાજદ્વારી નેતાઓના લાભમાં છે.

વાસુભાઈ સત્ય તેના નગ્ન રૂપમાં રજૂ કરી મુદ્દાઓ અને આંકડાઓ દ્વારા એ પુરવાર કરે છે કે ગોરક્ષક એટલે માત્ર હિંદુ જ નહિ, મુસલમાન પણ છે. 'જે મુસલમાન બાદશાહો અહીં (ભારતમાં) સ્થાયી થયા તેમણે ગોવધબંધી અને ખાદીથી પેદા થતી સમૃદ્ધિ, સંસ્કૃતિ અને સામાજિક શક્તિ જોઈ, તેનાથી પ્રભાવિત થયા. મુસ્લિમ કોમનો ઉત્કર્ષ પણ તેમણે તેમાં જ જોયો અને સંપૂર્ણ ગોવધબંધી જાહેર કરી.. રાષ્ટ્રને શક્તિશાળી તેમ જ સમૃદ્ધ બનાવ્યું.'

ગાયો પ્રત્યેની હિંદુ પ્રજાની લાગણી જોઈ સહુ પ્રથમ પહેલા મોગલ બાદશાહ (૧૫૨૬) બાબરને જ ખ્યાલ આવ્યો હતો કે ગાય એ પવિત્ર પ્રાણી છે અને તેનો વધ ન થવો જોઈએ. આ બાબત તેણે પોતાના વસિયતનામામાં હુમાયુને ચેતવ્યો છે.

સ્વતંત્રતા સુધી મુસલમાનોનો એક મોટો વર્ગ પશુપાલનના ધંધામાં રોકાયેલો હતો અને તેઓ ગાયો જ પાળતા. ગાયો એ મુસ્લિમ માલધારીઓની મૂડી હતી. ગાયો પાસેથી મળતાં ઘી, દૂધ વાછડાં અને બળતણ માટે છાણ એ તેમની મૂડીનું વ્યાજ હતું.

'મુસ્લિમોમાં પણ ઘણી જ્ઞાતિઓ છે. મતવા જ્ઞાતિનો વંશપરંપરાનો ધંધો ગાયો પાળવાનો. તેમની એક ખાસિયત એ કે મતવો ગાયો જ પાળે અને મતવાની પ્રામાણિકતા એવી કે કદી દૂધમાં પાણીનું ટીપુંય ન નાખે.'

ઈ.સ. ૧૮૫૭ના બળવામાં ભારત હાર્યું. એ તકનો લાભ લઈને અંગ્રેજોએ વિશાળ પાયા પર ગોવધ કરવાનું અને કતલ કરેલી ગાયો તથા બળદોનાં તમામ ચામડાં નિકાસ કરવાનું શરૂ કર્યું. ફક્ત ૪૩ વર્ષમાં એટલે કે સન ૧૯૦૦ સુધી ઓછામાં ઓછાં ત્રણ અબજ પશુઓ (ગાયો તથા બળદો)નો સંહાર કરી નાખ્યો.

**જે પુસ્તકોનો આ લેખમાં ઉલ્લેખ છે તે નવા સંસ્કરણરૂપે વિનિયોગ પરિવારના કાર્યાલયમાં વેચાણ માટે ઉપલબ્ધ છે. કિંમત ૪ પુસ્તકો (કુલ પાના લગભગ ૯૦૦) ની ખૂબ જ રાહત દરે રૂા.૨૦૦/-, પોસ્ટેજ ખર્ચ અતિરિક્ત**

# વિનિયોગ સમાચાર

અંગ્રેજોની ગોહત્યાની નીતિથી મુસ્લિમોની મૂડી તથા તેના વળતર ઉપર જબ્બર કાપ પડયો અને એ સમૃદ્ધ માલધારીઓ કંગાળ હાલતમાં આવી ગયા. અતિશય દુઃખદ બીના તો એ બની કે 'એક તરફથી હજારો મુસ્લિમ માલધારીઓ લાખો ગાયોને પોતાનો પસીનો રેડીને અને સરકારે સર્જેલી અનેક મુસીબતો સામે અણનમ રહીને પાળતા હતા, ત્યારે બીજી તરફથી સરકારે ગોઠવેલા કાવતરા મુજબ એકલ-દોકલ ગાયને કોઈ ગેરરસ્તે દોરવાયેલા મુસ્લિમ મારફત જાહેરમાં કતલ કરાવવામાં આવતી અને તેમાંથી ગંભીર હિંદુ-મુસ્લિમ રમખાણો ફાટી નીકળતાં.'

બ્રિટિશરોએ આ ભ્રમ ફેલાવેલો કે દરેક મુસલમાન ગાયનો શત્રુ છે અને ગાયના માંસનો ભૂખ્યો છે. તેનો લાભ સૌપ્રથમ ઝીણાએ લીધો હતો. (ત્યારે આપણા ગાંધીવાદી નેતાઓ ગોરક્ષાના હિમાયતી હતા. 'ભારત સ્વતંત્ર થશે ત્યારે કલમને એક જ ઝાટકે દેશમાં સંપૂર્ણ ગોવધબંધી કરવામાં આવશે.')

ઇંગ્લૅન્ડના તે સમયના સરસેનાપતિ ફિલ્ડ માર્શલ મોન્ટગોમરીને ભારતના ભાગલા મંજૂર ન હતા. તેઓ ભારત આવ્યા અને મુસ્લિમ લીગના સરનશીન ઝીણાને દેશના ભાગલા ન પાડવા સમજાવ્યું.

એટલે ઝીણાએ કહ્યું કે 'અમે સાથે રહી શકીએ જ નહિ.'

શ્રી મોન્ટગોમરીએ કહ્યું, 'પણ શા માટે? શું તમે હજાર વર્ષ સુધી સાથે રહ્યા નથી?'

ઝીણા પાસે બીજો જવાબ ન હતો. તેણે કહ્યું કે 'હિંદુઓ ગાયને પૂજે છે. હું તેને મારીને ખાઉં છું.'

ઝીણાનો આ જવાબ કેટલો નિર્બળ હતો? શું તે રોજ ગોમાંસ ખાતા હતા?

ભારત તથા પાકિસ્તાનના પહેલા પ્રધાનમંત્રીઓમાં એક વાત સામાન્ય હતી. ઇસ્લામે ડુક્કરનું માંસ હરામ ઠરાવ્યું છે. ઝીણા તે ખાતા હતા. હિંદુ ધર્મે ગાયને પૂજનીય ગણી છે. શ્રી જવાહરલાલ ગાયનું માંસ ખાતા હતા. આટલું જ નહિ, ડુક્કરનું માંસ પણ તેનું પ્રિય હતું. (આના પુરાવારૂપે વાસુભાઈ, નહેરુની બહેન શ્રીમતી કૃષ્ણા હઠીસિંગે લખેલ પુસ્તક 'વી નહેરુઝ'નો ફકરો ટાંકે છે).

ત્યારે ફરી એક પ્રશ્ન ઊઠે છે, ભારતમાં ગાયના માંસનો ઉપાડ 'ઊંટના મોંમાં જીરું' બરાબર હોવા છતાં સ્વતંત્રતા પછી હજારોની સંખ્યામાં થતી ગાયોની કતલ કોના માટે થાય છે? એના માટે જવાબદાર કોણ છે?

વાસુભાઈના મત મુજબ એક નંબરના ગોશત્રુ આપણા રાજદ્વારી નેતાઓ છે. સન ૧૯૪૭માં સત્તાનું સિંહાસન હાથમાં આવતાં કલમના એક જ ઝાટકે દેશમાં સંપૂર્ણ ગોવધ બંધી કરવાનાં વચનો આપણા ગાંધીવાદી નેતાઓ સરળતાથી ભૂલી ગયા. જેઓએ યાદ દેવડાવવાનું સાહસ કર્યું તેઓની ખુરશી ઊથલી ગઈ. કોની મજાલ કે નહેરુ સામે ચૂં કે ચાં કરે?

છતાં અહિંસક પ્રજાના દબાણને વશ થઈ બંધારણમાં એક લૂલી કલમ ૪૮ દાખલ કરવામાં આવી. લૂલી એ માટે કે તેનો એક મુસદ્દો દ્વિઅર્થી છે અને 'મોર્ડન' તથા 'સાયન્ટિફિક' લાઇનના ઓઠા નીચે કતલખાનાં સિવાય બીજી રીતે પશુઓને ખતમ કરવાના દરવાજા ખુલ્લા કરી આપે છે.

કલમ ૪૮ના આધારે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહારનાં રાજ્યોમાં સંપૂર્ણ ગોવધબંધીના કાયદા અમલમાં આવ્યા. તરત નેહરુએ એ ત્રણે રાજ્યોને પત્ર લખી જણાવ્યું કે, તેઓ 'કલમ ૪૮નો જે અર્થ કરતા હતા તે બરાબર ન હતો અને આ જાતનો કાયદો કરવાથી દૂર રહેવું.'

અધૂરામાં પૂરું જેમ અંગ્રેજો પોતાના સ્વાર્થ ખાતર મુસલમાનોને હાથા બનાવતા હતા, આપણા કહેવાતા ગાંધીવાદી નેતાઓએ પણ એમ જ કર્યું. ગોવધબંધીના કાયદાના અમલને તદ્દન નિષ્ફળ બનાવવા માટે 'કિરાયે કે ટટ્ટુ' જેવા પાંચ કસાઈઓ સુપ્રીમ કોર્ટે ચઢયા.

તેઓની દલીલો બેબુનિયાદ અને તદ્દન વાહિયાત હતી. સુપ્રીમ કોર્ટે ગાયોના વધની સંપૂર્ણ બંધી કાયદેસરની ઠરાવી અને તેની સાથે સરકારને એક વધુ છટકબારી દીધી. 'મુસ્લિમોને પોષણ માટે ગોમાંસ મળે અને તેમના ધંધા બંધ ન પડે...' એ માટે નિરૂપયોગી પશુઓની કતલની છૂટ આપી.

મારી દૃષ્ટિએ આ ચુકાદો કસાઈઓની દલીલોને પણ આંટી જાય તેવો હતો. પરિણામ? 'અંગ્રેજી રાજ્ય કરતાં પણ કૉંગ્રેસી રાજ્યમાં ગાયોની કતલ પાંચ ગણી વધી ગઈ. ૧૯૬૯ની બીજી વિશ્વ ડેરી પરિષદ જીનિવામાં મળી ત્યારે અહિંસાને વરેલા ભારતના પ્રતિનિધિએ શું પ્રસ્તાવ મૂકયો હતો એ તમે કલ્પી શકો છો?

# વિનિયોગ સમાચાર

'ભારતની ૮૦ ટકા ગાયો બિલકુલ નકામી છે, પણ તેને કાપી નાખવામાં અમારી પ્રજાની ધાર્મિક લાગણી આડી આવે છે માટે અમારી પ્રજાની લાગણીને આઘાત પહોંચાડયા સિવાય તેમને કેમ ખતમ કરવી તેના ઉપાયો આપણે અહીં પરિષદમાં શોધી કાઢવા.'

ભારતની ગાય ક્યારેય નકામી કે નધણિયાતી નહોતી. 'એ તો દરેક હિંદુ કે મુસ્લિમ ઘરમાં તેના કુટુંબીનું સ્થાન પામીને રહી હતી. હિંદુ તો ઠીક મુસલમાન પણ પોતાની ગાયને કે બળદને કતલખાને વેચવા તૈયાર ન હતો...'

અને ગાંધીવાદી સરકાર આપણી ગાયો વેચવા અને કતલ કરવા કટિબદ્ધ થઈ ગઈ. આપણા પશુધનનો વિનાશ નોતરી તેમનાં લોહી, માંસ, હાડકાં, ચામડાંની નિકાસ દ્વારા હૂંડિયામણ મેળવવાનો આ પણ એક માર્ગ છે.

કોંગ્રેસ પછી જનતા સરકાર આવી અને ચુસ્ત ગાંધીવાદી મોરારજીભાઈ દિલ્હીના સિંહાસને બિરાજ્યા. ૩૧ ઑગસ્ટ, ૧૯૭૭ના રોજ કૃષિ ગોસેવા સંમેલનનું ઉદ્ઘાટન કરતાં તેમણે જાહેર કર્યું કે 'લોકોએ ગાયનું જ દૂધ પીવું જોઈએ અને ગોસંવર્ધન કરવું જોઈએ.'

ભોળા પ્રજાજનોએ માની લીધું, કમ સે કમ હૂંડિયામણ માટે થતી ગાયોની કતલ તથા કતલ માટે થતી જીવતી ગાયોની નિકાસ હવે બંધ થશે. થયું ઊલટું જ. 'આર્થિક ક્ષેત્રે માંસ નિકાસમાં ૧૯૦ ટકા વધારો થયો.' એટલે કે ગાય તથા ભેંસ સાથે બીજા પશુધનનો પણ કચ્ચરઘાણ વળી ગયો.

અહીં વાંચકોએ એ પણ નોંધવું જરૂરી છે કે, આજે હિંદુત્વનો પરચમ લહેરાવનારાઓ ત્યારે જનતા પક્ષમાં હતા અને કોઈનું રૂંવાડુએ ફરકયું નહોતું.

ગાંધીજી કહેતા કે ગોવધ એ મનુષ્યવધ જેવો ગુનો છે અને ગાંધીજીના નામે ચરી ખાનારી સરકારે આપણા દેશમાં એક પછી એક કતલખાનાં ખોલ્યાં છે અને વધુ ખોલતી જાય છે. (ક્રમશઃ)

- આબિદ સુરતી

(સાભાર : સંદેશ, તા.૧૭-૧૧-૧૯૯૩)

## આ 'ક્રાંતિ' તે કઈ બલા છે ?

'અમે તો ક્રાંતિકારી' એમ કહી ગૌરવ અનુભવનારાઓને પૂછી શકાય કે આ 'ક્રાંતિ' તે કઈ બલા છે ?

ક્રાંતિ એટલે બળવો ?

ક્રાંતિ એટલે મૂળ વ્યવસ્થા સામે બળવો કરવો ?

ક્રાંતિ એટલે ચાલી આવતી સુવિહિત પરંપરા સામે બળવો કરવો ?

દા.ત. 'શ્વેત ક્રાંતિ' એટલે પશુપાલક દ્વારા પશુઉછેરની ચાલી આવતી આર્ય પરંપરા સામે બળવો કરવો.

'હરિત ક્રાંતિ' એટલે આર્ય ઋષિઓએ ઘડેલી કૃષિનીતિ સામે બળવો કરવો.

'આર્થિક ક્રાંતિ' એટલે શોષણ અને હિંસા રહિત પારંપરિક અર્થ-વ્યવસ્થા સામે બળવો કરવો.

'સામાજિક ક્રાંતિ' એટલે સદાચાર પોષક લગ્ન-વ્યવસ્થા, પરિવાર વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, મહાજન વ્યવસ્થા સામે બળવો કરવો.

'રાજકીય ક્રાંતિ' એટલે ધર્મ મહાસત્તાના સેવક અને ધર્મ-નિયંત્રિત કામ પુરુષાર્થ અને અર્થપુરુષાર્થના રક્ષક તરીકેની આર્ય રાજ્ય વ્યવસ્થા સામે બળવો કરવો.

પોતાને સુધારકો કહેવડાવવામાં ગૌરવ અનુભવતા અંગ્રેજી વિચારધારાના પિઠ્ઠુઓ દ્વારા આર્ય જીવનવ્યવસ્થાના તમામ અંગો સામે, વિચારધારાઓ સામે, સિધ્ધાંતો સામે પડવું એવું નામ ક્રાંતિ ?

ભારતનું કેન્દ્રીય આયોજન પંચ ભારતની પ્રજાના એક એક અંગને વીણી વીણીને ક્રાંતિને નામે તેનો નાશ કરવા માટે રચાયેલું છે. એ વાતની કબૂલાત એક વખતના આયોજન પંચના નાયબ અધ્યક્ષ શ્રી અશોક મહેતાએ તેમના એક ભાષણમાં આપી છે.

હિંસા અને શોષણના પાયા ઉપર જેનું સર્જન કરવામાં આવ્યું છે તે અનાત્મવાદી વ્યવસ્થાના સાધનોના આશ્રયથી પ્રભાવના થાય છે, એવી માન્યતા ભારોભાર અજ્ઞાનસૂચક છે. અનાત્મવાદના સ્વરૂપને પહેલાં ઓળખી લેવું જોઈએ.

- અરવિંદભાઈ મણીલાલ પારેખ